# દેશની ગણતંત્ર દિવસ પરેડમાં સાદરાની વિદ્યાર્થિની ઝળકી

ગાંધીનગર, તા. ૬

શારીરિક શિક્ષણની રાષ્ટ્રીય સેવા યોજના એકમ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાની સ્વયંસેવક હસ્તી વેગડ દિલ્લીની ગણતંત્ર દિવસની પરેડમાં શ્રેષ્ઠ દેખાવ કરી અવ્વલ રહી હતી.

હસ્તીએ ૧ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી સુધી સઘન મેહનત કરી ૨૬ જાન્યુઆરીના દિવસે દિલ્લીમાં આયોજિત ગણતંત્ર દિવસની પરેડમાં રાષ્ટ્રીય સેવા યોજનાની ટુકડીમાં સૌંથી પહેલી લાઈનના મધ્યમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. ગુજરાતમાંથી પસંદ કરવામાં આવેલા ૬ સ્વયંસેવકો પૈકી માત્ર હસ્તીએ જ આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી હતી. આ અગાઉ વેસ્ટ ઝોન ખાતેની પસંદગી સમયે પણ ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, રાજસ્થાન, તેલંગાના, મધ્યપ્રદેશના રાજ્યોમાંથી આવેલા ૨૦૦ જેટલા સ્વયંસેવકોમાંથી શ્રેષ્ઠ ૫૦ સ્વયંસેવકોમાં હસ્તી વેગડની પસંદગી થઈ હતી.

સમગ્ર ભારતમાંથી દિલ્લી ખાતેની પરેડ માટે ચારેય ઝોનમાંથી કુલ ૨૦૦ વિદ્યાર્થીઓની પસંગી થાય છે અને છેલ્લે ૨૬ જાન્યુઆરીના દિવસે દિલ્લીમાં આયોજિત ગણતંત્ર દિવસની પરેડમાં ૧૪૯ વિદ્યાર્થીઓ ભાગ લે છે જેમાં હસ્તી



વેગડની પસંગી થઈ અને તેમને પહેલી લાઈનના મધ્યમાં પરેડ કરવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. તેમની આ અમૂલ્ય અને અતુલ્ય કામગીરી માટે સંસ્થાના કા. કુલસચિવ ડો. ભરત જોશી , કુલનાયક ડો. અનામિકભાઈ શાહ, ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી, રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી, સંસ્થાના ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે તેમને અભિનંદન આપી બિરદાવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે આજ સુધી ગૂજરાત વિદ્યાપીઠના ૯ સ્વયંસેવકોને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. પણ આ રીતે પહેલી લાઈનની મધ્યમાં રહીને પરેડ કરવાનું ગૌરવ માત્ર હસ્તી વેગડને પ્રાપ્ત થયું છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે શારીરિક શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાના આ રાષ્ટ્રીય સેવા યોજના એકમને વર્ષ ૨૦૧૪માં ગુજરાતની શ્રેષ્ઠ યુનિટનો એવોર્ડ અને વર્ષ ૨૦૧૫-૧૬માં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ યુનિટનો એવોર્ડ મળી ચૂક્યો છે.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે

# ગાંધીનગરમાં છાયા પડછાયા નાટકનું મંચન







## શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલા નાટકને વિદ્યાર્થીઓ-પ્રેક્ષકોએ ખૂબ માણ્યું-વખાણ્યું

ગાંધીનગર, તા. ૬

'નાટક નહીં અમે ફિલ્મ જોતાં હોઈએ એવું લાગ્યું અને આ નાટક જોવાની અમને ખૂબ મજા પડી' એવાં ઉચ્ચારણો શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ બુધવારે સાંજે ઉચ્ચાર્યા હતા.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી થનગનાટ આર્ટ ઍન્ડ કલ્ચર ફાઉન્ડેશન નિર્મિત નાટક 'છાયા પડછાયા'નું મંચન શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના ઑડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું, જે નાટક જોયા પછી વિદ્યાર્થીઓએ આ ઉચ્ચારો વ્યક્ત કર્યા હતા.

નગરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત આ નાટકમાં પ્રેમ અને પરિવારભાવનાની વાતને બખૂબી રજૂ કરવામાં આવી હતી અને ગાંધીનગરના યુવા કલાકારો દ્વારા આ વાતને અસરકારક રીતે ઉજાગર પણ કરવામાં આવી હતી.

કર્તુમ તેરૈયા, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, મૌન સાધુ અને કુંતલ નિમાવત દ્વારા આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. સંગીત પર્વ નિમાવત (પંચમ) દ્વારા, ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી અર્થ સાધુ દ્વારા અને નેપથ્યની સેવા કશ્યપ નિમાવત, દિલીપ પટેલ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. ચોટદાર સંવાદો અને ગીત-સંગીતથી મઢેલું આ નાટક જોઈ દર્શકોએ ભરપૂર મનોરંજન માણ્યું હતું, જેમાં મોટી સંખ્યા સ્કૂલના વિદ્યાર્થીઓની હતી.

આ પ્રસંગે જાણીતા વક્તા ઉમાબેન તેરૈયા તથા નાટ્યકાર યુગલ નીતા-હિમાંશુ ભચેચની ઉપસ્થિતિ રહી હતી.

## જન્મદિને વધામણી



નિમિષકુમાર રસિકલાલ પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪



મહંમદભાઈ રહેમાનભાઈ શેખ
પ્રમુખ, વાવોલ મુસ્લિમ સમાજ



મુકેશ વેદ
મો. ૯૮૨૫૧૯૩૧૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# આવતીકાલે આંબેડકર હૉલમાં 'મરણોત્તર' નાટક ભજવાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી બિમલ પરમાર નિર્મિત નાટક 'મરણોત્તર' ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે ૮મીને શનિવારે રાત્રે ભજવાઈ રહ્યું છે.

યોગેશ પટેલ લિખિત અને બિમલ પરમાર દિગ્દર્શિત આ નાટકમાં કર્તુમ તેરૈયા, જયનલ રાવલ, કરિશ્મા પાટડીયા, રૂદ્રી શુક્લ, અર્થ સાધુ, મૌન સાધુ અને કુંતલ નિમાવત અભિનય આપી રહ્યા છે.

નાટકમાં સૈનિકોનાં જીવન, દેશભક્તિ અને દેશ માટે હસતાં-હસતાં ફના થઈ જવાની ઉચ્ચતમ ભાવનાનું દર્શન કરાવવામાં આવ્યું છે. નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. દર્શકો આ નાટકને નિઃશુલ્ક માણી શકે છે.

ડૉ. આંબેડકર હૉલ ખાતે ૮મી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૯.૪૫ કલાકે ભજવાઈ રહેલા આ નાટકને માણવા સૌ નાટ્યપ્રેમીઓ, દેશભક્તોને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને બિમલ પરમાર તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.





ગાંધીનગર, તા. ૬

બાપુ ગુજરાત નૉલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી દ્વારા વિદ્યાર્થીમાં છુપાયેલા ટૅકનીકલ જ્ઞાનને યોગ્ય દિશા મળી રહે અને આ જ્ઞાનને યોગ્ય માર્ગદર્શન દ્વારા પ્રકાશમાં લાવી શકાય તે હેતુથી કૉલેજ કૅમ્પસમાં સતત ૨૪ કલાકની અવધિનો ઈન્ટર્નસ હેકાથોન યોજવામાં આવ્યો હતો.

આ ઈન્ટર્નલ હેકાથોન યોજવાનો બીજો હેતુ ધ બેસ્ટ મોડેલ બનાવનાર ટીમોને નેશનલ લેવલે યોજાનારી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં લઈ જવાનો હતો. આવી અનોખી સ્પર્ધામાં નવા અને ઈનોવેટિવ મોડલ બનાવવા માટે સંસ્થાના કુલ ૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં સોફટવેર અને હાર્ડવેરને લગતા પ્રોજેક્ટ્સ બનાવવામાં આવ્યા હતા. ઈન્સ્ટીટ્યુટનાજિજ્ઞાસુ વિદ્યાર્થીઓએ અલગ અલગ રાજયકક્ષાના બોર્ડ અંતર્ગત આપવામાં આવેલા ચેલેન્જને પાર પાડવા પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. જેમાંથી કુલ ૮ ટીમે ટીડીએસ કેલક્યુલેશન, ખેડૂતો માટે પાકના આયાત નિકાસની વ્યવસ્થા, કમ્પ્યુટર્સ દ્વારા ફી જમા અને ઑટોમેટિક સર્ટિફિકેટ, પાણીની ગુણવત્તા, લીકેજ અને પાઈપ લાઈનની વ્યવસ્થા જેવાં નિરાકરણો આપ્યાં હતાં. આ આઠ ટીમમાંથી પાંચ ટીમને રાષ્ટ્રકક્ષાએ યોજાનારા હેકાથોનમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. કિંજલ અધ્વર્યુ દ્વારા કરવામાં આવ્યું હતું, સંચાલન દરેક ડિપાર્ટમેન્ટના ફેકલ્ટીઝે સાથે મળીને કર્યુ હતું.



ગાંધીનગર, તા. ૬

કૉલેજના વિદ્યાર્થીઓ પ્રકૃતિ તરફ વળે તેવા ઉમદા હેતુથી સરકારી વિનયન કૉલેજ, સૅક્ટર-૧૫, ગાંધીનગર ખાતે એક ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સમગ્ર પ્રકલ્પનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. આર બી કોઠારીના માર્ગદર્શન તથા પ્રૉ. ડૉ. વી એ જાડેજાના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ, વન વિભાગ, ગાંધીનગર મહાનગર પાલિકા, માર્ગ અને મકાન વિભાગ, સેવાભાવી સંસ્થાઓ વગેરેનો સહકાર પ્રાપ્ત થયો હતો.

આજે વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા આ ઉદ્યાનનો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષરૂપે ડૉ. જિજ્ઞેશ હરખાણી અને સમાજના વિવિધ ક્ષેત્રનમાં અગ્રણી સ્થાને બિરજાતા કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ વિદ્યાર્થી શૈલેન્દ્રસિંહ બિહોલા, ડૉ. પ્રણવ જોષીપુરા, પ્રદીપસિંહ વાઘેલા સહિત ૪૦ પૂર્વ વિદ્યાર્થીઓ અને ૧૨ વાલીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પ્રકલ્પનો પરિચય પ્રૉ. ડૉ. વી એ જાડેજાએ આપ્યો હતો. આચાર્ય ડૉ. આર બી કોઠારીએ ઉપસ્થિત અતિથિઓને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રૉ. નિયતિબેન મિસ્ત્રીએ કર્યું હતું.

## ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે

# સમર્પણ કૉલેજમાં સંસ્કૃત સાહિત્ય કાર્યશાળા



ગાંધીનગર, તા. ૬

સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૪થી ફેબ્રુઆરીના રોજ સમર્પણ કૉલેજ ખાતે સંસ્કૃત સાહિત્યકૃતિઓના આસ્વાદ વિષયક એક દિવસીય રાજ્ય સ્તરીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ચૅરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત વિદ્વાન ડૉ. વિજયભાઈપંડ્યાએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું.

વાલ્મિકી રામાણ, ભવભૂમિતાના કવિકર્મ, મહાકવિ બાણના વાગ્વૈભવ, કાલિદાસની પાત્રસૃષ્ટિ, વેદાંત દર્શન જેવા વિષયો પર તેમણે ઉદાહરણો સહિત વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. હર્ષદેવ માધવે ભર્તૃહરિની કવિ સંવેદના વિશે વિગતે વાત કરી હતી. આ ઉપરાંત ડૉ. રવીન્દ્ર ખાંડવાલાએ શુદ્રકના નાટક નૃચ્છકટિકમ, ડૉ. મહેશ પટેલે ભાસના સ્વપ્ન-વાસવદત્તા, ડૉ. નિરંજન પટેલે ઉત્તરરામચરિતમ, ડૉ. યોગિનીબેન વ્યાસે અભિજ્ઞાન શાકુંતલમ અને ડૉ. મહાકાન્ત જોશીએ પ્રતિજ્ઞા-યૌગંધરાયણનું રસદર્શન કરાવ્યું હતું. કાર્યક્રની શરૂઆતમાં સંસ્થાના આચાર્ય ડૉ. દિપકભાઈ પંડ્યાએ મહેમાનોને આવકાર્યા હતા અને સંસ્થાની ઉજ્જવળ શૈક્ષણિક સફરનો આલેખ આપ્યો હતો. ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ વર્તમાન સમયમાં ભાષા-સાહિત્ય પ્રત્યે એકંદરે ઉપેક્ષાનો જે માહોલ જોવા મળે છે, તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તે સંજોગોમાં ભાષા-સાહિત્યના સંવર્ધન માટે આ પ્રકારના ઉપક્રમો અને વિદ્વાનોના સ્વાધ્યાયનો ઋણ સ્વીકાર કર્યો હતો. આ કાર્યશાળામાં ગાંધીનગર અને અમદાવાદની કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. સમર્પણ કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. અલ્પાબેન પટેલ, ડૉ. હેમંત વૈષ્ણવ અને પ્રા. ઠાકોરભાઈ નાયક તથા અન્ય અધ્યાપકોના સંનિષ્ઠ પ્રયાસોથી ઉપસ્થિત સૌ સહભાગીઓ માટે આ એક સંતર્પક અનુભવ બની રહ્યો હતો.

## ઓમ કૉમ્યુનિકેશનના ઉપક્રમે

# ૧૧મીએ અમદાવાદ ખાતે હેમા મહેતા લિખિત ત્રણ પુસ્તકોનું એકસાથે વિમોચન કરવામાં આવશે





ગાંધીનગર, તા. ૬

ચિરાગ થિયેટર અને શ્રી સુભાષ ભટ્ટના સહયોગથી નિર્માત્રી, રંગમંચ,ટી.વી., ફિલ્મ્સ, આકાશવાણીનાં જાજરમાન સુખ્યાત કલાકાર હેમા મહેતા(અમી) લિખિત આકાંક્ષા(ટૂંકી વાર્તાઓ), એક સ્પર્શ બની તરસ(વાર્તાસંગ્રહ), સૂરજ તરસે ચાંદનીને(નવલકથા) એમ એકસાથે ત્રણ પુસ્તકોના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યઅતિથિ તરીકે નરહરિ અમીન (વાઈસ ચેરમેન,સ્ટેટ પ્લાનિંગ કમિશન) અને અતિથિવિશેષ તરીકે મહેન્દ્ર ત્રિવેદી (પૂર્વ સાંસ્કૃતિક મંત્રી), શ્રી સુરેન્દ્ર બક્ષી (પૂર્વ એ.એમ.ટી.એસ.ચેરમેન) ઉપસ્થિત રહેશે. દેવેન્દ્ર પટેલ (કટારલેખક), જોરાવરસિંહ જાદવ(ગુજરાત લોકકલા ફાઉન્ડેશન) અશોક દવે(હાસ્યલેખક) મનનીય વક્તવ્ય આપશે. રંગભૂમિ સાથે સંકળાયેલા કલાકારી અર્ચન ત્રિવેદી અને ભાસ્કર ત્રિવેદી પ્રસન્નતા વ્યક્ત કરશે. વિમોચન થયેલાં પુસ્તકો વિશે હેમા મહેતા(અમી)પોતાની કેફિયત રજૂ કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ હરદ્વાર ગોસ્વામી અને એન્કર, ટી.વી. કલાકાર હેતલ ત્રિવેદી સંભાળશે. આ પ્રસંગે સાહિત્યકારો,સાહિત્યપ્રેમીઓ તેમજ રંગમંચ,ટીવી-ફિલ્મ્સ સાથે સંકળાયેલા કલાકાર-કસબીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી. હેમા મહેતા પરિવાર તરફથી સૌ સાહિત્યરસિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ઈજન પાઠવવામાં આવ્યું છે.

તા. ૧૧મી ફેબ્રુઆરી ને મંગળવારના રોજ સાંજે ૬ કલાકે ઍચ ટી પારેખ હૉલ, અટીરા કૅમ્પસ, પાંજરાપોળ, અમદાવાદ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કલ્પતરુ દ્વારા પ્રાયોજિત શાળા આરોગ્ય કાર્યક્રમમાં એક સપ્તાહ દરમિયાન ભિલોડા તાલુકાની નાપડા ટાંડા અને ભવનપુર તથા દહેગામ તાલુકાની બારીયા, બારડોલી બારીયા, શીયાવાડ, મોચીયાની મુવાડી સ્કૂલને આવરી લેવામાં આવી હતી અને બાળકોનાં હેલ્થ ચૅક-અપ કરવામાં આવ્યાં હતાં. શ્રી ગજાનન સેવા સમિતિ તરફથી તબીબ કૃષ્ણાનંદ ચિતાણીયા અને ડૉ. બોઘાણી દ્વારા આ માટે પોતાની અમૂલ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. મિલિન્દભાઈ અને યોગેશભાઈએ કાર્યક્રમની વ્યવસ્થા સાચવવાની જવાબદારી અદા કરી હતી.